## હરિની દ્દષ્ટિ... - હરિન ભટ્ટ




જુઓ..., ગાંધીનગર રોડ પર કેમેરાથી મોનીટરીંગ થઈ રહ્યું છે... રીટાયર્ડ ક્લાસ વનનાં નાતે... બાંકડા પર જરા ધોતીયું સરખુ કરી બેસજો...!!

# નોલેજ ઈકોનોમી એ ભારત માટે સૌથી મોટી તક

**ગાંધીનગર ટાઉનહોલ ખાતે ડેઈલી ન્યૂઝ પેપર એસોસિએશન દ્વારા યોજાયેલ પરિસંવાદમાં જાણીતા પત્રકાર અજય ઉમટ, જાણીતા સાહિત્યકાર જય વસાવડા અને ટી.વી. ફિલ્મ ક્ષેત્રના લેખક - દિગ્દર્શક સંજય છેલના અભ્યાસુ વક્તવ્ય**

ગાંધીનગર, તા. ૨૧

"નોલેજ ઈકોનોમી એ ભારત માટે સૌથી મોટી તક છે, વર્ષ ૨૦૨૦માં દેશમાં ૬૫ ટકા યુવાનો ૩૫ વર્ષથી નિચેના હશે, જો તેમનો યોગ્ય ઉપયોગ કરાશે તો દેશ સુપરપાવર બની શકશે." આ શબ્દો છે નવગુજરાત સમયના તંત્રી અજય ઉમટના. ગુજરાત દૈનિક અખબાર સંઘ-ટ્રસ્ટ આયોજિત સાંપ્રત સમસ્યાઓ અને પ્રવાહો સેમિનારમાં ઉપસ્થિત વક્તાઓ અજય ઉમટ તથા જાણીતા કટારલેખક જય વસાવડા અને સંજય છેલે તેમના ધારદાર વ્યક્તવ્યોથી શ્રોતાઓને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. જય વસાવડાએ ઈન્ટરનેટ સેન્સરશીપને વખોડી કાઢવાની સાથે સોશ્યલ મિડિયા પર ચાલતા જુઠ્ઠાણાઓથી સાવચેત રહેવા માર્ગદર્શન કર્યુ હતુ. જાણીતા ગીતકાર-લેખક અને દિગ્દર્શક સંજય છેલ ટીવીને આંખોની ચ્યુંઈગમ ગણાવતા સિનેમાને સાહિત્યનું નવુ માધ્યમ ગણાવ્યું હતું.



ગાંધીનગરના ટાઉનહોલ ખાતે સોમવારે સાંજે ગુજરાત દૈનિક અખબાર સંઘ-ટ્રસ્ટ દ્વારા સાંપ્રત સમસ્યાઓ અને પ્રવાહો અંગે સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં ટાઈમગૃપના નવગુજરાત સમય અખબારના તંત્રી અજય ઉમટ, લોકપ્રિય કટારલેખક જય વસાવડા, ફિલ્મ ટીવી ગીતકાર, પટકથા લેખક તથા કોલમીસ્ટ સંજય છેલ ઉપરાંત અખબાર સંઘના પ્રમુખ પ્રવિણ લહેરી, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરાયો હતો અને ત્યાર બાદ અખબાર સંઘના મેનેજીંગ ટ્રસ્ટી રસેશ કોઠારીએ શાબ્દિક સ્વાગત કર્યુ હતું.

સેમિનારના પ્રથમ વક્તા અજય ઉમટે ઈન્ડિયા-૨૦૨૦ વિષય પર બોલતા દેશની હાલની વાસ્તવિક પરિસ્થિતિનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ પક્ષો પર દેશની સ્થિતિનો દોષ ઢોળતા નિર્ભિક પણે જણાવ્યું હતુ કે ૨૦૧૧થી દેશમાં સંસદ ચાલતી નથી. સંસદનું કાર્ય ચર્ચા કરાવવાનુ અને નિર્ણય લેવુ છે. જે હાલ થઈ નથી રહ્યું તે દેશ માટે સમસ્યારૂપ છે. તેમણે સ્વૉટ

● અનુસંધાન પાના - ૭ પર

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લા પંચાયતના બદલીના હૂકમોને પગલે આજે કર્મચારીઓ તેમની નવી જગ્યા પર હાજર થઈ ગયા છે.

● જિલ્લા કલેક્ટર કચેરીમાં માસાન્તે ચૂંટણીને લઈ ઉભી કરાયેલી જગ્યાઓ બંધ થતાં બદલીના હૂકમો થશે તેમ મનાઈ રહ્યું છે.

● જિલ્લા પંચાયતમાં આજે પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, જિલ્લા કોંગ્રેસના પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી, ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર, પૂર્વ પ્રમુખ શ્રી જશુભા રાણા, શહેર કોંગ્રેસના આગેવાનો શ્રી મુકેશ પટેલ, શ્રી ચિમન વિંઝુડા, શ્રી અશોક શ્રીમાળી, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી અંકિત બારોટ, શ્રી અશ્વિન બારોટ, રાકેશ જાની, હસમુખ મકવાણા સહિતના આગેવાનો આવ્યા હતા.

## ઠંડા પવનો બંધ થતા ઠંડીથી રાહત : પારો ૧૦.૫

ગાંધીનગર, તા. ૨૧

ગઈકાલે આક્રમક ઠંડીનો અનુભવ થયા બાદ આજે ઠંડીથી વસાહતીઓને થોડીક રાહત મળી હતી. લઘુત્તમ તાપમાન ૧૦.૫ ડિ.સે. નોંધાયું હતુ.

ઠંડા પવનોના કારણે ગઈકાલે નોંધાયેલુ ૭.૫ ડિ.સે. તાપમાન આજે સાડા ત્રણ ડિગ્રી જેટલુ વધ્યુ હતુ. પવનો બંધ થતા તાપમાન થોડુક ઉંચકાયુ હતુ. આક્રમક ઠંડીથી હેરાન થતા વસાહતીઓને ઠંડીમાં થોડીક રાહત મળી હતી. આજે મહત્તમ તાપમાન ૨૭.૦ ડિ.સે. નોંધાયુ હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૦.૫ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૦ ટકા અને સાંજે ૩૦ ટકા રહ્યું હતુ.

# અડાલજ ત્રિમંદિરના બેઝમેન્ટમાં આગ ભભુકી ઉઠી

**શોર્ટસર્કિટને લીધે આગ લાગતા બાલ મંદિરમાં પડેલ ફર્નિચર બળીને ખાખ : ફાયરબ્રિગેડે સમયસર આવી આગ પર કાબુ મેળવતા જાનહાની ટળી**

ગાંધીનગર, તા. ૨૧

અડાલજ સ્થિત ત્રિમંદિરના બેઝમેન્ટમાં આવેલ બાલમંદિરમાં સોર્ટસર્કિટને લીધે અચાનક આગ ભભુકી ઉઠતા ફર્નિચર અને રમકડા સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આ આગ અંગે ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયરની ટીમે ૩૦ મિનિટની જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક અડાલજ ખાતે ત્રિમંદિર આવેલુ છે. જ્યાં બેઝમેન્ટમાં નાના-બાળકો માટે બાલમંદિર ચાલે છે. આ બાલમંદિરમાં ગત મધ્ય રાત્રિએ સવારના ૪ વાગ્યાના સુમારે અચાનક જ સોર્ટ સર્કિટ થતા ધીમે ધીમે આગ લાગવાની શરૂઆત થઈ હતી. આ દરમિયાન નાઈટ ડ્યૂટીના સિક્યુરીટી ગાર્ડને ધુમાડો નજરે પડતા તુરંત બેઝમેન્ટ પાસે દોડી જી તપાસ હાથ ધરી હતી. જ્યાં આગ ધીમે ધીમે વિકરાળ થઈ રહી હતી. આથી તુરંત ગાર્ડે ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરી હતી અને ફાયરની ટીમના સિનિયર ફાયરમેન ચીનુભાઈ દેસાઈ ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ આગ પર પાણીનો મારો ચલાવ્યો હતો. અને અડધા કલાકની જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. જો કે આ આગમાં કોઈ જાનહાની થવા પામી નથી પણ બાલમંદિરમાં પડેલ ફર્નિચર બળીને ખા થઈ ગયું હતું.



સેક્ટર-૫-સી ખાતે પૂ. સંજયભારતીના વ્યાસપીઠે રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## સે-૨૮ ત્રિમૂર્તિ દત્ત મંદિરે ભગવાનના જન્મદિવસની ઉજવણી કરાશે

રંગ અવધૂત પરિવાર દ્વારા ત્રિમૂર્તિ દત્ત મંદિરમાં દત્ત ભગવાનના જન્મ દિવસ ઉજવણીના ભાગરૂપે તા. ૨૪મી ડિસેમ્બરના રોજ સવારે ૮.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન ગુરુ લીલામૃત એક દિવસીય પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન સાંજે ૭.૦૦ કલાકે દત્ત ભગવાનના જન્મ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યું છે. જન્મદિવસની ઉજવણી નિમિત્તે મંદિર પરિસરમાં અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ પ્રસંગે રંગ અવધૂત પરીવારના ભકતોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખ નવનીતભાઈ પાઠકે જણાવ્યું છે.



શહેરમાં અકસ્માતોની જાણે વણઝાર લાગી હોય તેમ સોમવારે સાંજે ૪ વાગ્યાના સુમારે ૨૨/૨૩ પાસે ઘ-રોડ પર મારુતિવાન અને ટવેરા કાર અથડાઈ હતી. સદ્નસીબે કોઈને શારીરિક ઈજાઓ થઈ ન હતી. પરંતુ બંને કારને ખાસ્સુ એવુ નુકશાન થયું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

## આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અદ્યતન ટ્રોમા સેન્ટરનું લોકાર્પણ કરશે

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ મંગળવાર તા. ૨૨ ડિસેમ્બરે અમદાવાદ સિવિલ હોસ્પિટલ સંકુલમાં રૂ. ૧૨૫ કરોડના ખર્ચે નવનિર્મિત ટ્રોમા સેન્ટરનું લોકાર્પણ કરશે. ૩૬૨ પથારીની સુવિધા તેમજ ૫૦ આઈસીયુ, ૬ માળની ઈમારતમાં આ ટ્રોમા સેન્ટર આરોગ્ય સુવિધા પુરી પાડશે. આરોગ્ય ધામની અગાશીમાં એર એમ્બ્યુલન્સ લેન્ડ થઈ શકે તેવી સગવડતા પણ આ ટ્રોમા સેન્ટર ધરાવે છે.

# પાલજ પાટીયા પાસેના અકસ્માતમાં યુવાનનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા.૨૧

અમદાવાદ-ચિલોડા માર્ગ પર પાલજ પાટીયા પાસે પાંચ દિવસ અગાઉ ઈકો કારના ચાલકે બાઈક સવાર દંપતિને પાછળથી ટકકર મારતા દંપતિને ગંભીર ઈજાઓ થઈ હતી જેમાં ઈજાગ્રસ્ત દંપતિ પૈકી પતિનું સારવાર દરમિયાન ગત રોજ વહેલી સવાર હોસ્પિટલમાં મોત નિપજયું હતું. આ મામલે ડભોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ફરાર કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના નરોડા ખાતે રહેતા હેમંતભાઈ ખેંગારભાઈ સોનાર તેમની પત્ની સાથે બાઈક નં. જીજે-૧-એમ.એફ. ૬૧૦૫ લઈ પાંચ દિવસ અગાઉ અમદાવાદ ચિલોડા માર્ગ પર થી ચિલોડા જઈ રહ્યા હતા. આ દરમિયાન પાલજ પાટીયા પાસે અજાણ્યા ઈકો કારના ચાલકે પાછળથી બાઈક સવાર દંપતિના બાઈકને જોરદાર ટકકર મારતા દંપતિ બાઈક સાથે માર્ગની ઉપર દુર સુધી ફંગોળાઈ ગયા હતા. જેથી દંપતિને શરીરે ગંભીર ઈજાઓ થતા તુરંત ગાંધીનગર બાદ અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં પાંચ દિવસ બાદ બાઈક સવાર યુવાન હેમંતભાઈ ખેંગારભાઈ સોનારનું ગત રોજ સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. જયારે મહિલા વિનાબેન હજુ પણ સારવાર હેઠળ છે.

આ અકસ્માત અંગે ડભોડા પોલીસે દિપેશ મોતીભાઈ પરમારની ફરિયાદના આધારે ગુનો નોંધી ફરાર કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

## મહાનગરોના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ મુખ્યમંત્રીની અભિવાદન શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે મહાનગરોના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને પદાધિકારીઓને નગર સુખાકારીના જનહિત કામોને સેવાભાવે અગ્રતા આપવા અનુરોધ કર્યો છે.

મુખ્યમંત્રીને તાજેતરમાં સંપન્ન થયેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓમાં વિજયને વરેલા અમદાવાદ, વડોદરા, ભાવનગર અને રાજકોટ મહાનગરના નગર સેવકો, પદાધિકારીઓ આજે શુભેચ્છા મુલાકાત હેતુ મળ્યા હતા અને શ્રીમતી આનંદીબહેને આ પ્રજાસેવકોને જાહેરજીવનની મૂલ્યનિષ્ઠા ભાજપાના સૌના સાથ સૌના વિકાસના ધ્યેય મંત્ર સાથે પોતાના વિસ્તારના વિકાસકામોને વાચા આપવાનું દાયિત્વ નિભાવવા પણ તેમણે આ નગરસેવકો-પદાધિકારીઓને આજે મુખ્યમંત્રીશ્રીને અમદાવાદ મહાપાલિકાના ૧૪૨ નવનિર્વાચીન સભ્યો તેમજ વડોદરા, રાજકોટ અને ભાવનગરના નવનિયુક્ત પદાધિકારીઓ મળ્યા હતા અને અભિવાદન કર્યું હતું.



કલેક્ટર કચેરી પાસે રાત્રીના સમયે રવિવારે બે કાર ધડાકાભેર અથડાઈ હતી જેને કારણે ચાલકોને ઈજાઓ થતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. નગરના સુમસામ માર્ગો પર બેફામ રીતે દોડતા વાહનો ક્યાં સુધી ટકરાયા કરશે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## શહેરમાં સંસ્કૃત ભારતી દ્વારા બે દિવસીય પ્રાંતિય અધિવેશન યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં વસતા સંસ્કૃત સ્નેહી અને અભ્યાસુ માટે બે દિવસીય પ્રાંતિય અધિવેશન સંસ્કૃત ભારતી ગુજરાત પ્રદેશ દ્વારા સંસ્કૃત ભાષાના વિકાસ અને સંરક્ષણ માટે કાર્યકર્તા મિલન સમારોહ આગામી તા. ૨૪, ૨૫ ડિસેમ્બરના રોજ ઉમિયા માતાજી સંસ્થા સે-૧૨ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. રાજય ભરમાંથી મોટી સંખ્યામાં સંસ્કૃત પ્રેમીઓ હાજર રહેશે. જયારે તા. ૨૫ ડિસેમ્બરના રોજ અધિવેશનમાં મહામહિમ રાજયપાલ ઓ.પી. કોહલીની હાજરીમાં અધિવેશનનું સમાપન થશે.

સંસ્કૃત ભારતી દ્વારા છેલ્લા વીસ વર્ષથી વધુ સમયથી સંસ્કૃત સંભાષણ (સંસ્કૃત બોલવાની) શિબિરોનું આયોજન થતું રહ્યું છે. આ શિબિરોમાં પ્રાથમિક શાળાના બાળકોથી લઈ માતાઓ અને યુવાન અને યુવતિઓ રસપૂર્વક વિશ્વની પ્રાચીનતમ ભાષાને બેલતા અને સમજતાં થયા છે. ગુજરાત પ્રદેશનું એ સદભાગ્ય છે કે આટલા વર્ષો બાદ સેંકડોની સંખ્યામાં કાર્યકર્તાઓ ધારાવાહી સંસ્કૃત બોલી શકતા થયા છે. એટલું જ નહિ એવા સહસ્ત્ર ઘર હશે જયાં ઘરના બધા જ નિવાસીઓ સંસ્કૃતમાં વાતચીત કરે છે. નાના બાળકથી શરુ કરી ઘરના વડિલો સંસ્કૃતને માતૃભાષાની જેમ બોલતા અને ગાતા થયા છે. રાષ્ટ્રભકિતના આ અનોખા યજ્ઞમાં એવા અનેક કાર્યકર્તાઓ પધારશે. જેણે માત્રને માત્ર સંસ્કૃત ભાષાના ખોળે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. રાજયના પ્રત્યેક જિલ્લામાંથી પ્રતિનિધિઓ આ અધિવેશનમાં સામુહિક ચર્ચા દ્વારા આવનારા સમયમાં ભારતની સાંસ્કૃતિક ધરોહરને વધુ દૃઢ અને સુચારુ દિશા આપવાનું આયોજન થાય તે અર્થે કૃત નિશ્ચયી બનશે. આ અધિવેશનમાં સોમનાથ સંસ્કૃત યુનિ.ના કુલપતિ અર્કનાથ ચૌધરી અને ભાગ્યેશ જહા, અધ્યક્ષ-સંસ્કૃત સાહિત્ય અકાદમી પણ માર્ગદર્શન આપશે.

# શહેરના વિરાટ પુસ્તક મેળામાં ૫ લાખના પુસ્તકનું વેચાણ

ગાંધીનગર તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ બલરામ મંદિર પરિસરમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર આયોજીત વિરાટ પુસ્તકર મેળામાં માત્ર ૩ દિવસમાં ૨૦ હજારથી વધુ નગરજનોનો પુસ્તક મેળાની મુલાકાત લઈ ચુક્યા છે. ૧૯ મી તારીખ થી શરુ થયેલા આ મેળામાં રૂ.૫ લાખના પુસ્તકોનું વેચાણ થવા પામ્યું છે. આ મેળામાં ૩૨૦૦ થી વધુ જીવન ઉપયોગી સાહિત્યની ખરીદી કરતા નાના બાળકથી લઈ અબાલ વૃધ્ધ સૌ કોઈ નજરે પડે છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧ સ્થિત ગાયત્રી શકિત પીઠ તેમજ યુગ સાહિત્ય વિસ્તાર યોજના દ્વારા શહેરના સેકટર-૧૨ સ્થિત બલરામ મંદિર પરિસરમાં તા.૧૯ થી ૨૭ દરમિયાન વિરાટ પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળામાં યુગપુરુષ દ્વારા લિખિત સમાજ ઉપયોગી ૩૨૦૦થી પણ વધુ પુસ્તકનું પ્રદર્શન યોજાયું છે. સવારે ૯ થી ૮ દરમિયાન હજ્જારો નગરજનો જ્ઞાન યજ્ઞના પુસ્તક મેળામાં માત્ર ૩ દિવસમાં ૨૦ હજારથી વધુ લોકો આવીને પુસ્તકની ખરીદી કરી ચુક્યા છે. પુસ્તક મેળામાં વ્યકિત,પરિવાર,સમાજ નિર્માણ, મહિલા સશકિતકરણ, વ્યસન મુકિત અને પર્યાવરણ, યજ્ઞ, ગાયત્રી વિધા,આર્ષ ગ્રંથ, સપ્ત ક્રાંતિ,આધ્યાત્મનું વૈજ્ઞાનીક પ્રતિપાદન, સહિતના જીવન ઉપયોગી પુસ્તકો છે. આ પ્રસંગે વાતચીત કરતા



ગાયત્રી મંદિરના ચેરમેન કનકસિંહ દેવીસિંહ ગોહીલે જણાવ્યું હતું કે નગરમાં સૌ પ્રથમવાર આટલો મોટો પુસ્તક મેળો યોજાયો છે. જેમા નાના બાળકથી લઈ મોટી ઉંમરના વ્યકિતને પણ જીવન ઉપયોગી થાય તેવા સામાજીક સહિત જ્ઞાન-વિજ્ઞાનના પણ પુસ્તકો છે. વિદ્યાર્થીઓ માટેના સાત્રોપયોગી સાહિત્ય શાળાની લાયબ્રેરી માટે પુસ્તકની ખરીદી કરવામાં આવે તો રૂ. ૫૦૦૦ ના પુસ્તક માત્ર રૂ.૧૧૦૦ માં આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૫ થી વધુ શાળાના શિક્ષકો પુસ્તકો લઈ ગયા છે. તેમજ માત્ર ૩ દિ માં ૨૦,૦૦૦ થી વધુ નગરજનો પુસ્તક મેળામાં આવીને અંદાજીત પાંચ લાખથી વધુના પુસ્તકની ખરીદી કરી ચુક્યા છે. આ મેળામાં રૂ.૧૫ લાખના પુસ્તકનું વેચાણ થશે તેવું મારુ માનવું છે. આ તમામ રુપીયા મથુરા ખાતે ગાયત્રી શકિત પીઠ ખાતે મોકલી આપવામાં આવશે.સદ્સાહિત્ય બ્રહ્મભોજ યોજના અંતર્ગત આ પુસ્તક અડધી કિંમતે આપવામાં આવે છે.આ જ્ઞાન યજ્ઞના મેળામાં પધારવા નગરજનોને હાર્દિક આંમત્રણ પાઠવું છું.